# પાલનપુરના ભાગળ (જ) ગામે વધુ એક કેસ કોરોના પોઝિટિવ

### બનાસકાંઠા જિલ્લામાં કોરોના પોઝિટિવ કેસની સંખ્યા ૩૦ પહોંચી

પાલનપુર

બનાસકાંઠામાં જિલ્લામાં પાલનપુર તાલુકાના ભાગળ (જ) ગામે કોરોનાએ નવો મોરચો ખોલ્યો છે. જ્યાં વધુ એક ૫૮ વર્ષિય વ્યક્તિનો કોરોના વાયરસનો રિપોર્ટ પોઝિટિવ આવ્યો છે. આરોગ્ય વિભાગ દ્વારા રવિવારે વહેલી સવારે જ ટીમો દ્વારા સર્વે હાથ ધરી વૃદ્ધાના પરિવારજનો સહિત સંપર્કમાં આવેલા વ્યક્તિઓને હોમ કોરેન્ટાઇન કરવામાં આવ્યા હતા. દરમિયાન જિલ્લામાં કોરોના પોઝિટિવ કેસની સંખ્યાનો આંકડો ૩૦ થયો છે.

બનાસકાંઠા જિલ્લામાં કોરોના વાયરસ હાહાકાર મચાવી રહ્યો છે. જ્યાં પાલનપુર તાલુકાના ગઠામણ ગામે શનિવારે એક જ દિવસે આઠ વ્યક્તિઓના રિપોર્ટ પોઝિટિવ આવ્યા હતા. જ્યારે પાલનપુર તાલુકાના ભાગળ (જ) ગામે કોરોનાએ નવો મોરચો ખોલ્યો છે.

જ્યાં એક ૬૫ વર્ષિય વૃદ્ધાનો કોરોના વાયરસનો રિપોર્ટ પોઝિટિવ આવ્યા બાદ વધુ એક ૫૮ વર્ષના વ્યક્તિ કોરોના પોઝિટિવ બન્યા છે. ઉલ્લેખનીયછે કે, જિલ્લામાં અત્યાર સુધીમાં પાલનપુર તાલુકાના ગઠામણ ગામે ૨૧ જ્યારે વાવ તાલુકાના આકોલી ગામના ૪૮ વર્ષના મહિલા, માવસરી ગામના ૨૨ વર્ષના પુરુષ, દૈયપ ગામનો ૨૦ વર્ષનો પુરુષ, મીઠાવીચારણ ગામના ૨૮ વર્ષનો પુરુષ, થરાદનો પુરુષ મળી વર્તમાન સમયે બનાસકાંઠામાં કોરોના પોઝિટિવ વ્યક્તિઓની સંખ્યા ૩૦ થવા પામી છે.

# ભિલોડા મોધરી શેલ્ટર હોમમાં સોશિયલ ડીસ્ટન્સનો અભાવ

### ભોજન હલકી ગુણવત્તાનું અને માસ્ક પહેર્યા વગર વિતરણનો આક્ષેપ

કોરોનાએ ચારે તરફ કહેર મચાવ્યો છે. જેના કારણે અત્યાર સુધીમાં હજ્જારો લોકો કોરોનાના ભરડામાં આવ્યા છે. ત્યારે સંક્રમણ વધુ ન ફેલાય તે હેતુથી સરકારે લોકડાઉન જાહેર કરી દીધું હતું. પરંતુ શહેરમાં રહેતા શ્રમિકોએ પોતાના વતન ભણી વાટ પકડી હતી. ત્યારે તંત્ર દ્વારા શ્રમિકો આગળ ન જાય તે માટે ઠેર ઠેર આશ્રયસ્થાનો ઉભા કરી દીધા હતા. જેમાં શામળાજી નજીક આવેલ એકલવ્ય મોડલ સ્કૂલમાં રખાયેલ અંદાજે ૧૫૦ જેટલા શ્રમિકો પ્રથમ લોકડાઉનમાં પલાયન થઈ ગયા હતા પરંતુ તંત્ર દ્વારા કુશ્કી નજીકથી પકડી તેઓને હાલ ભિલોડાની મોધરી કલ્લેકા સ્કૂલમાં આશ્રય આપવામાં આવ્યો છે. જમવાનું હલકી ગુણવત્તાનું આપવામાં આવતું હોવાની અને



સ્વચ્છતાનો અભાવ હોવાથી ૧૫૦ જેટલા શ્રમિકોએ ભૂખ હડતાળ પર ઉતારતા તંત્ર દોડતું થતા શ્રમિકોએ ભૂખ હડતાલ સમેટી લીધી હતી.

આ અંગે મળતી વિગતો અનુસાર સરકાર દ્વારા શ્રમિકોને રહેવા જમવા માટે સગવડ તો કરી દીધી પરંતુ તે સ્થળે તે લોકોને જમવા તેમજ રહેવાની કેવી વ્યવસ્થા છે તે અંગે જાણે ધ્યાન ન દોરાતું હોય તેવું સામે આવી રહ્યું છે. ભિલોડા તાલુકાની મોધરી કલ્લેકા શાળામાં શામળાજીની એકલવ્ય સ્કૂલમાથી નિકળી ગયેલા અંદાજે ૧૫૦ જેટલા શ્રમિકોને રાખવામાં આવ્યા છે. ત્યારે શ્રમિકો ઉપવાસ પર ઉતરી ગયા છે અને અમને વતનમાં જવા દો અથવા અમે જે સ્થળેથી આવ્યા છીએ તે સ્થળે પરત મુકી દો તેવી માંગ કરાઈ રહી છે. સાથે તેઓને જમવા તેમજ રહેવાની અગવડ પણ પડી રહી હોવાનું જણાવ્યું હતું.

ઘટનાને પગલે અરવલ્લી એસડીએમ મયંક પટેલ પણ ભિલોડાના મોધરી કલ્લેકા સ્કૂલ ખાતે દોડી પહોંચ્યા હતા અને શ્રમિકોને કાઉન્સેલીંગ કરવાનો પ્રયાસ હાથ ધર્યો હતો. જો કે કાઉન્સેલીંગ બાદ શ્રમિકોએ ભોજન લીધું હોવાનું જાણવા મળ્યું હતું.

# મુંબઈમાં પત્રકાર અર્નબ ગોસ્વામી અને તેમની પત્ની પર હુમલાનો વિરોધ

### મોડાસામાં પત્રકારોએ જિલ્લા કલેક્ટરને આવેદનપત્ર આપ્યું

મોડાસા, તા. ૨૬

પત્રકારો પર હિંચકારા હુમલાની ઘટનાઓમાં નોંધપાત્ર વધારો થઈ રહ્યો છે. લોઅર પરેલમાં સ્ટુડિયોમાંથી પત્રકાર



અર્નબ ગોસ્વામી તેમની પત્ની સાથે કારમાં ગઈકાલે રાતે ઘરે જઈ રહ્યા હતા ત્યારે ગણપતરાવ કદમ માર્ગ પર બાઈક પર આવેલા બે આરોપીએ તેમની કારનો પીછો કરી બળજબરીથી કાર અટકાવી હતી. પછી આરોપીએ કારની બારીના કાચ તોડી નાખવાનો પ્રયત્ન કર્યો હતો. સદનસીબે અર્નબ ગોસ્વામી અને તેની પત્નીનો આબાદ બચાવ થયો હતો. આ ઘટનાના પગલે પત્રકારઆલમમાં ભારે રોષ પ્રવર્તી રહ્યો છે. અરવલ્લી જીલ્લા પત્રકાર પરીસદે કલેક્ટરને આવેદનપત્ર આપી વિરોધ નોંધાવ્યો હતો.

પત્રકાર પરિષદ સંગઠન અરવલ્લી જિલ્લા દ્વારા જીલ્લા કલેકટર અમૃતેશ ઔરંગાબાદકરને આવેદનપત્ર આપી જણાવ્યું હતું કે પત્રકાર અર્નબ ગોસ્વામી પર હુમલાખોરોની તાત્કાલિક ધરપકડ કરવામાં આવે અને કડકમાં કડક સજા થાય તેમજ આરોગ્યલક્ષી સેવાઓ આપનાર કર્મીઓ માટે તાજેતરમાં કેન્દ્ર સરકારે નવા કાયદાનું રક્ષણ આપવામાં આવ્યું છે, ત્યારે પત્રકારોની સુરક્ષા માટે કેન્દ્ર સરકારે શખ્ત કાયદો બનાવી પત્રકારોને રક્ષણ પૂરું પાડવામાં આવે તેવી માગણી કરવામાં આવી હતી. જીલ્લા કલેકટરને આવેદનપત્ર આપવા પત્રકાર પ્રેસ પરિષદના સભ્યો જોડાયા હતા અને સોશ્યલ ડિસ્ટન્સની તકેદારી રાખી હતી.



**ખેડબ્રહ્મા તાલુકા કોરોનાના કહેર વચ્ચે અખાત્રીજનું મુહુર્ત**

સમગ્ર દેશમાં અત્યારે કોરોના વાયરસ નો કહેર ચાલી રહ્યો છે ત્યારે ખેડબ્રહ્મા તાલુકામાં જગતના તાતે સરકારના નિયમો મુંજબ સોશ્યલ ડિસ્ટન્ટ જાળવી ખેતીના કામ ના શુભ મુહુર્ત કર્યા હતા.

# લોકડાઉનમાં દોલપુર ગામે પ્રવેશદ્વાર બંધ કરતા બુટલેગરો ભૂરાંટા બન્યા

ગુજરાતમાં લોકડાઉન-૧માં સૌથી વધુ સલામત ગણાતા



અરવલ્લી જીલ્લામાં લોકડાઉન-૨ માં સરહદો સીલ હોવાની સાથે આરોગ્યતંત્ર સજ્જ હોવાના દાવાઓ વચ્ચે ૯૬ કલાકમાં કોરોના વિસ્ફોટ થતા ૧૨ થી વધુ કેસ બહાર આવતા તંત્ર ઉંધા માથે પછડાયું હતું. ગ્રામ્ય વિસ્તારોમાં લોકડાઉન-૨ માં બહારથી ઘુસી આવેલા લોકો કોરોના લઈને પહોંચતા ગ્રામ્ય વિસ્તારોમાં લોકોને તંત્ર પરથી ભરોષો તૂટી જતા લોકો ખુદ ચોકીદાર બની પ્રવેશદ્વારે ગામ બહારનો કોઈ પણ વ્યક્તિ પ્રવેશે નહિ તેની દિવસ-રાત તકેદારી રાખી રહ્યા છે. મોડાસા તાલુકાના શિણાવાડ નજીક આવેલા દોલપુર ગ્રામ્ય પંચાયતે ગામના તમામ પ્રવેશદ્વારો પર પ્રવેશબંધી ફરમાવતા ગામમાં બુટલેગરોનો ધંધો બંધ થતા પંચાયતના સભ્ય અને તેના પરિવારજનો પર બુટલેગરો અને તેમના મળતિયાઓએ હુમલો કરતા ભારે ચકચાર મચી હતી પોલીસ કાફલો ઘટનાસ્થળે પહોંચી સ્થિત કાબુમાં લઈ ૫ ઈજાગ્રસ્ત લોકોને સારવાર અર્થે ખસેડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

શુક્રવારે રાત્રીના સુમારે મોડાસાના દોલપુર ગામે કોરોનાને લઈને પ્રવેશબંધી ફરમાવતા બુટલેગર અને તેના પરિવારે પંચાયતના સભ્ય દિલીપભાઈ માનભાઈ ખાંટના પરિવારજનો પર ઘાતક હથિયારો સાથે હુમલો કરતા ૫ લોકો ઈજાગ્રસ્ત થયા હતા હુમલાની ઘટનાની જાણ મોડાસા રૂરલ પોલીસને થતા ડીવાયએસપી સહિતનો કાફલો ઘટનાસ્થળે પહોંચી હુમલાખોરોને ઝડપી પાડવા કોમ્બિંગની કામગીરી હાથ ધરી ૯ હુમલાખોરોને દબોચી લીધા હતા.

# ધનસુરા તાલુકાના કોરોના અસરગ્રસ્ત ગામોમાં આયુર્વેદિક ઉકાળાનું વિતરણ કરાયું

ધનસુરા, તા. ૨૫

અરવલ્લી જિલ્લામાં કોરોના



પોઝિટીવ કેસોનો આંક ૧૮ સુધી પંહોચી ગયો છે. જેને લઇ આરોગ્ય વિભાગે દ્વારા સર્વેની કામગીરી હાથ ધરાઈ રહી છે. તો બીજી તરફ આયુર્વેદિક વિભાગ દ્વારા કોરોના અસરગ્રસ્ત ગામોમાં જઈ લોકોને આયુર્વેદિક ઉકાળાનું વિતરણ કરી રોગપ્રતિકાર શક્તિ વધારવા માટેની ખાસ ઝુંબેશ હાથ ધરાઈ છે.

આયુર્વેદિક વિભાગની ટીમ દ્વારા અરવલ્લીના કોરોના પ્રભાવિત અને કન્ટેન્મેન્ટ ઝોનમાં આવતા ધનસુરા તાલુકાના ગોપાલપુરામાં ૪૦૦, જશવંતપુરામાં ૪૦૦, શિણોલ અને શામપુરમાં ૩૩૦૦ લોકોને આયુર્વેદિક ઉકાળાનો લાભ આપવામાં આવ્યો છે. કેન્દ્ર સરકારના આયુષ મંત્રાલય અને દેશના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ લોકોને કોરોના વાયરસથી બચવા માટે આયુર્વેદ અને હોમિયોપેથિક ઉપાયને શ્રેષ્ઠ ગણાવ્યો છે. ત્યારે જિલ્લામાં છેલ્લા એક સપ્તાહમાં કોરોનાના પોઝીટીવ દર્દીઓની સંખ્યામાં વધારો થતા કન્ટેન્મેન્ટ ઝોનમાં આવતા ગામોમાં ઉકાળા વિતરણની કામગીરી સઘન બનાવવામાં આવી છે.

# બનાસ મેડીકલ કોલેજ દ્વારા મહામારી સમયે રક્તદાન કેમ્પ કરી લોકસેવા

પાલનપુર, તા. ૨૬

કોરોના મહામારીની પરિસ્થિતિ પણ સોશિયલ ડિસ્ટન્સ જાળવી બનાસ મેડિકલ કોલેજ દ્વારા લોકડાઉન દરમ્યાન ચોથા યુવા મોરચા તેમજ નહેરુ યુવા કેન્દ્ર સાથે જોડાયેલા યુવાઓના સહયોગથી બનાસ મેડિકલ કોલેજ દ્વારા ચોથો રક્તદાન કેમ્પ તા. ૨૫-૪-૨૦૨૦ના રોજ



રક્તદાન કેમ્પનું સફળ આયોજન કરાયું. કોરોના મહામારીની વિકટ પરિસ્થિતિમાં રક્તની જરૂરિયાત પડતા દર્દીઓની રક્તની માંગને ધ્યાનમાં રાખી બનાસ મેડિકલ કોલેજ દ્વારા સામાજિક સંસ્થાઓના સહયોગથી રક્તદાન કેમ્પનું આયોજન અમલમાં મુકેલ છે. જે અંતર્ગત સોશિયલ ડિસ્ટન્સ રાખી ઉમિયા વિદ્યાવિહાર સંકુલ પાલનપુર ખાતે યોજવામાં આવ્યો. આ કેમ્પમાં ૩૨ યુવા રક્તદાતાઓએ પોતાનું રક્ત આપી કોરોનાની મુશ્કેલી ભરેલી પરિસ્થિતિમાં રક્તની જરૂરિયાત ધરાવતા દર્દીઓના જીવ બચાવવાનું અમૂલ્ય કાર્ય કરેલ છે. આ યુવાનોએ રક્તદાન કરી સેવા જ પરમ ધર્મ છે તે ઉક્તિ સાર્થક કરી છે. રક્તદાતાના રક્તનો ઉપયોગ થેલેસેમિયા, બ્લડ કેન્સર, ગર્ભવતી મહિલાઓ તેમજ ગાયનેક બીમારીમાં અને ઈમરજન્સી જરૂરિયાતને ધ્યાનમાં રાખી કરવામાં આવશે.

આ કેમ્પમાં રકતદાતાઓને પ્રોત્સાહન આપવા રાષ્ટ્રીય સ્વયં સેવક સંઘના લક્ષ્મણભાઈ ચૌધરી, સામાજિક અગ્રણી શામળભાઈ ગુડોલ તથા ગીરીશભાઈ જાગણિયા, જિલ્લા રમતગમત અધિકારી મુકેશભાઈ ગોયા હાજર રહ્યા હતા.

# અરવલ્લી જિલ્લામાં પ્રથમ દિવસે ૧૫,૭૩૨ કાર્ડધારકોને અનાજ વિતરણ કરાયું

સમગ્ર રાજ્યમાં એપીએલ, બીપીએલ અને અંત્યોદય રાશન



કાર્ડધારકોને વિનામૂલ્યે રાશન કીટનું વિતરણ શરૂ કરાયું છે.

કેન્દ્ર સરકારની પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ યોજના અંતર્ગત રાષ્ટ્રીય અન્ન સુરક્ષા અધિનિયમ અંતર્ગત પાત્રતા ધરાવતા એપીએલના ૪૪,૨૩૮, અંત્યોદયના ૨૦,૦૪૯ તેમજ બી.પી. એલ.ના ૬૩૯૪ મળી કુલ ૧,૪૯,૫૮૦ કાર્ડધારકોને એપ્રિલ-૨૦૨૦ માસમાં વ્યક્તિદિઠ ૩.૫૦ કિલો ઘંઉ અને ૧.૫૦ ચોખા ''વિનામુલ્યે'' વિતરણ કરવાની હાથ ધરાયેલ અનાજ વિતરણ વ્યવસ્થાના પ્રથમ દિવસે અરવલ્લી જિલ્લાની ૩૯૬ વ્યાજબી ભાવની દુકાન પરથી૧૫,૭૩૨ કાર્ડધારકોને લાભ આપવામાં આવ્યો હતો. જેમાં મોડાસાના ૩૧૨૮, મેઘરજના ૪૩૪૭, માલપુરના ૧૮૦૮, ભિલોડાના ૩૫૮૯, બાયડના ૯૪૨, ધનસુરાના ૧૯૧૮ મળી કુલ ૧૫,૭૩૨ કાર્ડધારકોને લાભ આપવામાં આવ્યો હતો.

## ભિલોડામાં પેટ્રોલ પંપમાં સેનીટાઈઝેશન

ભિલોડામાં પેટ્રોલ પંપમાં સેનીટાઈઝેશન કરાયું હતું. ભિલોડા-શામળાજી ધોરીમાર્ગ ઉપર આવેલ શિવ પેટ્રોલીયમ અને સદ્‌ગુરૂ પેટ્રોલીયમ પરીસરમાં પેટ્રોલ, ડિઝલ અને સી.એન.જી. ગેસ ભરાવવા આવતા વાહન ચાલકોના હાથમાં સેનીટાઇઝર આપી સુરક્ષીત કરાયા હતા. પેટ્રોલ પંપ સંચાલક મનિષભાઈ પટેલ, ભાવેશભાઈ પટેલ ધ્વારા સેનીટાઇઝેશન અને દવા છંટકાવની કામગીરી પેટ્રોલ પંપ પરીસરમાં કરાઈ હતી. કોરોના વાઈરસની વૈશ્વિક મહામારી દરમ્યાન વાહન ચાલકો અને સ્ટાફની સલામતીના ભાગરૂપે સેનીટાઇઝેશન અને દવા છંટકાવની સફળ કામગીરી કરાઈ હતી. પેટ્રોલ, ડિઝલ અને સી.એન.જી. ગેસ ભરાવવા આવતા વાહન ચાલકોમાં આનંદની લાગણી પ્રસરી હતી.

## ડોકટરોની મારામારીમાં પોલીસે દરમિયાનગીરી કરી છોડાવ્યા

રાજ્ય સરકારે ૨૬ જિલ્લામાં કોવિડ ૧૯ની સારવાર માટે ખાનગી હોસ્પિટલને કોવિડ-૧૯ હોસ્પિટલ જાહેર કરી છે. જેમાં અરવલ્લીના બાયડમાં આવેલી વાત્રક હોસ્પિટલને સામેલ કરાઈ છે. ત્યારે અહી ડોકટરો વચ્ચે મારામારી થઈ હોવાના અહેવાલ છે. ડોકટરો વચ્ચે થયેલી મારામારીમાં એક ડોકટર ઈજાગ્રસ્ત હોવાની માહિતી સાંપડી રહી છે. જો કે આરોગ્ય વિભાગ આ મામલે આંખ આડા કાન કરીને મામલો દબાવવા પ્રયાસ કરી રહ્યું હોવાનું સામે આવ્યું છે. ડોકટરો વચ્ચે થયેલી મારામારીમાં બંદોબસ્તમાં રહેલા પોલીસ કર્મીઓએ દરમિયાનગીરી કરી હતી. ડોકટરો વચ્ચે મારામારી થતાં કોવિડ ૧૯ હોસ્પિટલમાં સારવાર લેતા દર્દીઓ ગભરાયા હતા.

# વાત્રક ડેમમાં બેટ પર ચાલતા દેશી દારૂના ગૃહ ઉદ્યોગનો પર્દાફાશ કરતી માલપુર પોલીસ

લોકડાઉનમાં વિદેશી દારૂની કુત્રિમ તંગીના પગલે બંધાણીઓ દેશી દારૂનું વ્યસન કરી રહ્યા રહ્યા છે. લોકડાઉનની સ્થિતિમાં માલપુર પોલીસ લોકડાઉનની અમલવારી સાથે બુટલેગરો પર



હોવાથી દેશી દારૂની માંગમાં વધારો થતા પોલીસ લોકડાઉન બંદોબસ્તમાં વ્યસ્ત હોવાથી ગ્રામ્ય વિસ્તારોમાં બુટલેગરો બેખોફ બન્યા છે. પાન-મસાલા, ગુટખા, તમાકુ અને વિદેશી દારૂની અછતના પગલે અનેક નશાખોરો દેશી દારૂના રવાડે ચઢતા લોકડાઉનમાં ગ્રામ્ય વિસ્તારમાં બેરોજગાર બનેલા લોકો દેશી દારૂ ગાળવાની અને વેપલો કરવાની પ્રવૃત્તિમાં જોતરાઈ રૂપિયા કમાઈ તવાઈ બોલવી રહી છે. વાત્રક ડેમમાં મગોડી ગામ નજીક ડેમની વચ્ચોવચ્ચ આવેલ બેટ પર દેશી દારૂ ગાળવાનો ગૃહ ઉદ્યોગનો પર્દાફાશ કરી ૧૦૦૦ લીટર દેશી દારૂનો વોશ જપ્ત કર્યો હતો.

માલપુર નજીક વાત્રક ડેમની વચ્ચે મગોડી ગામની સીમમાં આવેલા બેટ પર દેશી દારૂ ગાળવાની ભઠ્ઠીઓ ધમધમી રહી હોવાની બાતમી પીએસઆઈ એન.એમ. સોલંકીને મળતા પાણીથી છલોછલ ભરેલા ડેમ વચ્ચે બેટમાં જવા માટે મોટરબોટનો સહારો લઈ રેડ કરતા મોટર બોટમાં આવતા પોલીસ કાફલાની દૂરથી રેડ હોવાની જાણ થતા પાણીમાં ગરકાવ થઈ જતા બેટ પર જઈ તપાસ કરતા સિંટેક્સના ત્રણ મોટા ટાંકા તથા માટીના માટલાઓ અને દેશી દારૂનો વોશ ૧૦૦૦ હજાર લિટરનો નાશ કરી દેશી દારૂની ભઠ્ઠીઓ તોડી પાડી હતી. બુટલેગરોનું પાણીથી છલોછલ ડેમની વચ્ચે બેટ પર દેશી દારૂની ભઠ્ઠીઓ ધમધમતી તોડી પાડવામાં આવતા બુટલેગરોનું પોલીસથી એક ડગલું આગળ ચાલવાની ઈચ્છાઓ પર પાણી ફરી વળતા બુટલેગરોમાં ફફડાટ ફેલાયો હતો. માલપુર પોલીસે અજાણ્યા બુટલેગરો સામે પ્રોહિબિશન એક્ટ હેઠળ ગુન્હો નોંધી બેટ પર દેશી દારૂની ભઠ્ઠીઓ ચલાવતા બુટલેગરોની શોધખોળ હાથ ધરી હતી. પીએસઆઈ એન.એમ. સોલંકીની કામગીરીની સરાહના કરવાની સાથે હજુ પણ માલપુર પંથકના ગ્રામ્ય વિસ્તારોમાં દેશી દારૂના અડ્ડાઓ ધમધમી રહ્યા હોવાથી તમામ દેશી દારૂના બુટલેગરો સામે શખ્ત કાર્યવાહી કરી જેલના સળિયા પાછળ ધકેલી દેવામાં આવે તેવી લોક માંગ પ્રબળ બની છે.

# અરવલ્લી જિલ્લા પંચાયત પુર્વ પ્રમુખે મુખ્યમંત્રીને ઈ-મેલ મારફતે પત્ર પાઠવ્યો

કોરોના વાયરસની મહામારી દરમ્યાન દિન-પ્રતિ-દિન કેસો વધતા સર્વત્ર ચિંતાનું મોઝું ફરી વળ્યું છે.લૉકડાઉન દરમ્યાન શ્રમિકો અને કારીગર વર્ગ આર્થિક રીતે ભારે સંકડામણ અનુભવી રહ્યો છે. અરવલ્લી જીલ્લા પંચાયત પુર્વ પ્રમુખએ મુખ્યમંત્રીને ઈ-મેલ મારફતે પત્ર પાઠવ્યો હતો.કોરોના વાયરસની વૈશ્વિક મહામારી દરમ્યાન બેરોજગાર શ્રમિકોને નરેગા યોજના હેઠળ રોજગારી આપવી જોઈએ તેમજ રોજગારી ભથ્થા આપવા લેખિતમાં અનુરોધ કર્યો હતો. કારીગર વર્ગ જેવા કે દરજી કામ, સુથારી કામ,કડીયા કામ,કુંભારી કામ, લુહારી કામ,કલર કામ,હેર કટીંગ કામ, પ્લમ્બર તથા ઈલેકટ્રીશિયન સહિતનું કારીગર તરીકેનું કામકાજ કરતા કારીગર વર્ગને રોજગારી ભથ્થુ આપવા ગુજરાત રાજ્યના મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીને પત્ર ધ્વારા જણાવ્યું હતું.

અરવલ્લી જીલ્લા પંચાયત પુર્વ પ્રમુખ રાજેન્દ્રભાઈ કે. પારઘીએ જણાવ્યું હતું કે હાલના તબક્કે ભારત દેશમાં કોરોના વાયરસના કારણે સલામતીના ભાગરૂપે વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી ધ્વારા લૉકડાઉન લંબાવાયું છે. સમગ્ર દેશની જનતાએ પ્રચંડ સમર્થન જાહેર કર્યુ છે. લૉકડાઉન લંબાવવાના કારણે રાજ્ય સરકાર ધ્વારા રેશનકાર્ડ ધારકોને અનાજ સહિત વિવિધ ચીજવસ્તુઓનું વિતરણ સારી રીતે કરાયું છે.

રાશન મેળવતા ૬૬ લાખ રેશનકાર્ડ ધારકોને રૂા.૧૦૦૦/- ની આર્થિક સહાય આપવાની જાહેરાત કરાઈ છે પરંતુ કારીગર વર્ગ જ્યારે રોજનું કમાઈને રોજેરોજ પેટીયું રળતા હોય છે ત્યારે શ્રમજીવી-ઓની પણ હાલત હાલના તબક્કે લૉકડાઉનના કારણે દયનીય છે.

ગુજરાત રાજ્ય સરકાર ધ્વારા સત્વરે ગ્રામ્ય વિસ્તારોમાં સોશિયલ ડિર્સ્ટબન્સ સાથે માસ્ક ફરજીયાત રાખી સેનેટાઈઝેશનની સુવિધા સાથે નરેગાનું કામકાજ શરૂ કરવા અનુરોધ કર્યો હતો. ગુજરાત રાજ્યના વિવિધ ગ્રામ્ય વિસ્તારોમાં શ્રમજીવીઓને રોજગારી મેળશે તો તેમના પરીવારનું ગુજરાન સારી રીતે ચલાવી શકાય તેમ છે.જંગલ વિસ્તારોમાં પણ વન વિભાગ ધ્વારા સ્થાનિકોને રોજગારી મળે તેવા પ્રયત્નો હાથ ધરવા જોઈએ અને કારીગરો, શ્રમજીવીઓને રોજગારી ભથ્થુ મળી રહે તેવી માંગણી કરી છે.